



# માન ન માન... મૈં તેરા સલમાન!

આ જે બે એવી ચર્ચાસ્પદ વ્યક્તિ છે ,જે હજુ સુધી બેચલર છે-અપરિણીત છે ( એ કુંવારા છે કે નહીં એ આપણે જાણતા નથી !). એમાંથી એક છે રાહુલ ગાંધી ને બીજો છે સલમાન ખાન.

એક રાજકારણમાં છે અને પોતાનું આગવું નામ બનાવવા માટે સતત સંઘર્ષમાં રહે છે.

બીજો છે સલમાન, જેને ફિલ્મજગતમાં સિદ્ધિ-પ્રસિદ્ધિ (ને વિવાદ !) હર કદમ પર મળે છે. એ બન્ને પોતપોતાની રીતે જગતભરમાં જાણીતા છે.

ના, અહીં આજે આપણે રાહુલ અને સલમાન વચ્ચે તુલના નથી કરવાના. આજે આપણે માત્ર વાત કરવી છે ફિલ્મ સુપરસ્ટાર સલમાનની અને એની સેવન સ્ટાર સંપત્તિની!

આમ તો આટલાં વર્ષો એક યા બીજી રીતે સતત સમાચારમાં ગાજતો રહેતો સલમાન આમ જોવા જાવ તો બે-એક વર્ષથી 'શાંત'છે. કોઈ ખાસ વાદ-વિવાદમાં પણ એ સપડાયો નથી. હા, એને આતંકવાદીઓ તરફથી અવારનવાર મોતની ધમકી મળતી રહે છે પરંતુ એની આસપાસના સક્ષમ સુરક્ષા-ચક્રને લીધે એને આંચ આવી નથી.

**ક્લોઝ-અપ જિંદગી**
★ ભરત ઘેલાણી

જો કે, દસેક દિવસ પહેલાં એક વહેલી સવારે સલમાન જ્યાં રહે છે એ બાન્દ્રાના 'ગેલેક્સી'અપાર્ટમેન્ટના ઘરની બહાર પાંચ રાઉન્ડ ફાયરિંગ થતાં સનસનાટી મચી ગઈ હતી.

અલબત્ત, ફાયરિંગ કરનારા એ બે યુવા શૂટરોને મુંબઈ-ગુજરાત પોલીસે માત્ર 48 કલાકમાં જ ભૂજથી ઝડપી લીધા હતા. હવે વધુ પોલીસ તપાસ અને બીજી કાયદાકીય કાર્યવાહી રાબેતા મુજબ ચાલતી રહેશે. આ દરમિયાન વધુ ચુસ્ત સુરક્ષા સાથે સલમાન મિયાં તો કોઈ એક નવી બ્રાન્ડના શૂટિંગ માટે દુબઈ પહોંચી ગયા!

## સતત ચર્ચા ને વાદ-વિવાદમાં રહેતો હોવા છતાં ફિલ્મ જગતના બીજા અનેક સુપર સ્ટાર્સથી કઈ રીતે અલગ તરી આવે છે આ સેવન સ્ટાર દિલેર સલમાન?

'શૂટ-આઉટ'ની ઘટનાને નિમિત્ત બનાવીને આપણે આજે અહીં એક્ટર્-નિર્માતા-TV-હોસ્ટ એવા સલમાનને જરા અલગ રીતે જાણી લઈએ.

આજે અમિતજી -શાહરુખ- આમિર- હૃિતિક અને અલબત્ત સલમાન સુપરસ્ટાર્સ છે. આ પ્રત્યેક પોતપોતાની રીતે સુપર સફળ છે ને એ બધા પોતાનો આગવો ચાહકવર્ગ પણ ધરાવે છે.

આમ છતાં આજે સલમાન બધાં કરતાં ઘણી રીતે અલગ પડે છે. દાખલા તરીકે, છેક 1988થી ફિલ્મજગતમાં પ્રવેશેલા સલમાનની





પનવેલનું ફાર્મ હાઉસ

અનેક ગર્લ ફ્રેન્ડ્સ સાથે ગરમાગરમ અફેર્સ રહી હોવા છતાં 58 વર્ષી સલમાન એકલો છે- પરણ્યો નથી!

» સલમાન આજે એક પછી એક કુલ 80થી વધુ ફિલ્મોમાં અભિનય દ્વારા અને એમાંથી થયેલી આવકનું યોગ્ય રોકાણ કરીને 2024ના છેલ્લામાં છેલ્લા અહેવાલ મુજબ સમગ્ર ખાન પરિવારના નામે આજે રૂપિયા 5259 કરોડની સંપત્તિ છે, જેમાં સલમાન આજે એકલો રૂપિયા 3000 કરોડનો માલિક છે.

» માત્ર મહિને 75 રૂપિયાના માસિક પગારથી કરિયર શરૂ કરનારા સલમાનની આજની તારીખે વર્ષે રૂપિયા 200 કરોડની કમાણી છે. એ હિસાબે આજે સલમાન દર મહિને સરેરાશ 16 કરોડ રૂપિયા કમાય છે.

**બીજા શબ્દોમાં :** મહિનામાં કામના 26 દિવસ ગણીએ તો સલમાનના બૅન્ક અકાઉન્ટમાં રોજના અંદાજે 64 લાખ રૂપિયા જમા થઈ જાય છે પછી એ દિવસે શૂટિંગ કરતો હોય કે પછી એના 'ગેલેક્સી' અપાર્ટમેન્ટના ફ્લેટમાં નસકોરાં બોલાવતો હોય!

» સલમાન એક ફિલ્મમાં અભિનય માટે 100 કરોડથી વધુ ફી ચાર્જ કરે છે.

» જેમ અમિતાભ બચ્ચનજીની ડૂબી ગયેલી કરિયરને 'કોન બનેગા કરોડપતિ'TV શોએ જીવનદાન આપ્યું એથી પણ વિશેષ ધનદોલત અને ખ્યાતિ સલમાનને એના સુપરહિટ TV શો 'બિગ બોસ'દ્વારા મળ્યાં છે. અમિતજી ચારેક બંગલા ધરાવે છે. એમાં એકલા એના 'પ્રતીક્ષા'બંગલાનું મૂલ્ય રૂપિયા 120 કરોડ ગણાય છે. શાહરૂખ પાસે પોતાનો રૂપિયા 200 કરોડનો વૈભવી બંગલો 'મન્ન્ત'છે. આમિર ખાનનું પણ પોતનું આલીશાન નિવાસસ્થાન બાન્દ્રામાં છે જેની માર્કેટ વેલ્યુ આજે 78-80 કરોડ છે પણ સલમાન પરિવાર હજુ પણ બાંદ્રાના 'ગેલેક્સી' અપાર્ટમેન્ટમાં 2 વત્તા 1 એમ 3 ફ્લેટમાં રહે છે. આની કિંમત આજની તારીખે 100 કરોડની આંકવામાં આવે છે.



» 'ગેલેક્સી'અપાર્ટમેન્ટ ઉપરાંત સલમાનની જે મુંબઈની આસપાસ પ્રોપર્ટી છે એમાં પનવેલનું એનું ફેમસ ફાર્મહાઉસ છે. અહીં રજા ગાળવા એ એકલો કે પરિવાર સાથે કે પછી મિત્રો સાથે પાર્ટી કરવા અવારનવાર આવે છે. આ 150 એકરના ફાર્મહાઉસમાં એક આધુનિક જિમ -સ્વિમિંગ પુલ છે. અહીં એક મિની ઝૂની સાથે સલમાને પાળેલાં પાંચ અશ્વ પણ છે. આ ફાર્મની અંદાજિત કિંમત રૂપિયા 80 કરોડથી પણ વધારે છે.

» આ ઉપરાંત ગોરાઈ સમુદ્ર કિનારે સલમાને પોતાના 51મા બર્થ-ડે પર એક બીચહાઉસ ખરીદ્યું હતું. એ વખતે આલીશાન પાંચ BHK હાઉસના સલમાને પૂરા 100 કરોડ ચૂકવ્યા હતા.

» આમ તો ઘણી વાર સલમાન જસ્ટ મોજ ખાતર જાહેરમાં સાઈકલ ઉપર નીકળી પડે છે. જો કે એને લક્ઝરી કારનો પણ ગાંડો શોખ છે. સલમાન પાસે 82 લાખ રૂપિયાની મર્સિડીઝ બેન્ઝથી લઈને 13 કરોડ સુધીની 7 વૈભવી કાર-વાનનો કાફલો પણ છે.

» આ રીતે જ સલમાન પાસે પોતાની એક અંગત યોટ- નૌકા છે. એની કિંમત છે 3 કરોડ !

» સલમાન સામાજિક કાર્યો અને ગુપ્ત દાન વગેરેમાં બહુ માને છે. એ માટે પોતાની એક બ્રાન્ડ બનાવી છે 'બિઈંગ હ્યુમન'. આ બ્રાન્ડ હેઠળ એ ફેશનેબલ ડ્રેસ -વસ્ત્રો- વોચ ઈત્યાદિ એસેસરીઝનું એ વેચાણ કરે છે, જેની આવક એ સામાજિક કાર્યોમાં વાપરે છે. આ બ્રાન્ડની કિંમત જ આજે 235 કરોડ રૂપિયા ગણાય છે...

આ છે 7 સ્ટાર સુપર સ્ટારની જાણવા જેવી 9 વાત!